વિનાશ જ વિનાશ અમેરિકાના નૉર્થ ડાકોટા શહેરમાં વાવંટોળે જબરજસ્ત વિનાશ વેર્યો હતો અને કેટલાય ઘરો ઉદ્વસ્ત કર્યા હતા. આવા જ ધ્વસ્ત ઘરમાંથી મૂલ્યવાન સામાન શોધી રહેલો એક શખસ. (એપી–પીટીઆઇ ફોટો)

અમેરિકા-ચીન ટ્રેડ વૉર

ચીનના ૨૦૦ અબજ ડૉલરના માલ પર અમેરિકા ૧૦ ટકા જકાત લાદશે

વૉશિંગ્ટન: અમેરિકાએ ચીનના વધુ ૨૦૦ અબજ ડૉલરના મૂલ્યના માલસામાનની આયાત પર દસ ટકા જકાત નાખવાની પ્રક્રિયા શરૂ કરવાની બુધવારે જાહેરાત કરતા વિશ્વમાં સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા આ બે દેશ વચ્ચે વ્યાપાર-યુદ્ધ વધ્યું છે.

અગાઉ, ચીને વળતાં પગલાં લઇને અમેરિકાથી આયાત કરાતી ૩૪ અબજ ડૉલરના મૂલ્યની ચીજો પર આયાત જકાત વધારી હતી અને અમેરિકાના ૧૬ અબજ ડૉલરના અન્ય માલની આયાત પર જકાત લાદવાની ચીમકી આપી હતી. ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ચીનના આ પગલાંને 'અન્યાયી' ગણાવ્યું હતું.

અમેરિકાએ ચીનની વ્યાપારને લગતી 'અયોગ્ય' નીતિની વિરુદ્ધમાં ચીનથી આયાત કરાતી અંદાજે ૩૪ અબજ ડૉલરના મૂલ્યની ચીજો પર પચીસ ટકા જકાત લાદી હતી.

અગાઉ, અમેરિકાના વ્યાપાર વિભાગના પ્રતિનિધિ રોબર્ટ લાઇટહિઝરે જણાવ્યું હતું કે અમે ચીનથી આયાત કરવામાં આવતા પચાસ અબજ ડૉલરના માલ પર જકાત વધારી છે.

બાદમાં, ચીને વળતાં પગલાં લઇને અમેરિકાથી આયાત કરાતા ૩૪ અબજ ડૉલરના સામાન પર આયાત જકાત લાદી હતી અને અન્ય ૧૬ અબજ ડૉલરની સામગ્રી પર ઇમ્પૉર્ટ ટૅરિફ વધારવાની ચીમકી આપી હતી.

રોબર્ટ લાઇટહિઝરે ચીનના આ પગલાંની ટીકા કરતા જણાવ્યું હતું કે ચીને વ્યાપારના આંતરરાષ્ટ્રીય ધોરણને અનુસર્યા વિના આ પગલું ભર્યું છે.

ચીને પોતાનું આયાત-નિકાસને લગતું વલણ બદલ્યું નહિ હોવાથી પ્રમુખ ટ્રમ્પે ચીનના વધુ ૨૦૦ અબજ ડૉલરના મૂલ્યના માલ પર દસ ટકા આયાત જકાત લાદવાનો આદેશ આપ્યો હતો.

(એજન્સી) ■

ભારત છઠ્ઠા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર

નવી દિલ્હી: વર્લ્ડ બૅન્કના ૨૦૧૭ના વર્ષના સુધારેલા આંકડા મુજબ ભારત ફ્રાન્સને પાછળ રાખીને વિશ્વનું છઠ્ઠા ક્રમનું અર્થતંત્ર ધરાવતો દેશ બની ગયો છે. ભારતની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ૨.૫૯૭ ટ્રિલ્યન યુએસ ડૉલરની ઊંચાઈને સર કરી હતી, જ્યારે ફ્રાન્સે ૨.૫૮૨ ટ્રિલ્યન યુએસ ડૉલર પર હોવાનું એક સમાચાર સંસ્થાએ બુધવારે તેના અહેવાલમાં જણાવ્યું હતું.અમેરિકાએ તેનો પહેલો ક્રમ જાળવી રાખ્યો હતો અને ત્યાર પછી ચીન, જાપાન, જર્મનીનો ક્રમ હતો. બ્રિટન ૨૦૧૭ના પૂરા થતા વર્ષે ૨.૬૨૨ ટ્રિલ્યન યુએસ ડૉલરના જીડીપી દર સાથે પાંચમા ક્રમે રહ્યું હતું.સરકારના ખર્ચ અને રોકાણના કારણે ભારતના અર્થતંત્રએ ૨૦૧૮ના જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ૭.૭ ટકાનો આર્થિક વિકાસ સાધ્યો હતો, પરંતુ તેનાથી જીડીપીના વિકાસને રોકી શકાયો નહોતો એ, નરેન્દ્ર મોદી સરકારના ચોથા વર્ષે પણ નીચા સ્તરે ગબડયો હતો.નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતનું અર્થતંત્ર ૨૦૧૮-૧૯માં ૭.૫ ટકાના દરને આંબી જશે. ભારતને એવી આશા છે કે, ૨૦૧૮ના અંતમાં વિકાસદર ૭.૪ ટકાનો થશે અને ૨૦૧૯માં એ ૭.૮ ટકા સુધી પહોંચશે. એ ઊંચાઈએ પહોંચતાં જ નજીકના હરીફ ચીનને બે વર્ષમાં ૬.૬ ટકા અને ૬.૪ ટકાના દરે પાછળ રાખી દેશે, તેવું આ વર્ષમાં એપ્રિલ મહિનામાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ જણાવ્યું હતું.ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં વર્લ્ડ ઈકોનોમિક લીગ ટેબલ (ડબલ્યુઈએલટી) ૨૦૧૮, સેન્ટર ફોર ઈકોનોમિક એન્ડ બિઝનેસ રિસર્ચ ફોરકાસ્ટે જાહેર કર્યા મુજબ ઈન્ડિયા બ્રિટન અને ફ્રાન્સને પાછળ ધકેલી દઈ ૨૦૧૮ સુધીમાં વિશ્વની પાંચમા ક્રમની આર્થિક સત્તા બની જશે.એપ્રિલ, ૨૦૧૮માં ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, ૨૦૧૮માં ભારત ૭.૪ ટકાનો વિકાસદર સાધશે. ■

ખેડૂતોનો મત બૅન્ક તરીકે જ કૉંગ્રેસે ઉપયોગ કર્યોઃ મોદી

અમૃતસર: ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબના માલૌટ ખાતે કૉંગ્રેસ પર જોરદાર શબ્દબાણ ચલાવતાં કહ્યું હતું કે તેમણે ખેડૂતવર્ગને છેહ દીધો હતો તેમ જ એક ચોક્કસ કુટુંબના હિત માટે કિસાનોનો મત બૅન્ક તરીકે વપરાશ કર્યો હતો.મોદીએ કહ્યું કે ખેડૂતો ખૂબ ઝઝૂમતા હોવા છતાં આરામદાયક જીવનનું વિચારી શકતા શકતા નથી. કૉંગ્રેસના વડપણ હેઠળની સરકારની નીતિઓને લીધે કિસાનોએ દાયકાઓ સુધી હતાશા, નિરાશા તેમ જ નાસીપાસ થઈને જીવવું પડ્યું હતું. તેમણે નહેરુ-ગાંધી કુટુંબ પર ગર્ભિત હુમલો કરતાં કહ્યું કે કૉંગ્રેસ પક્ષને કોઈની ચિંતા હોય તો તે માત્ર એક ચોક્કસ પરિવારની જ છે તથા તેમને એશોઆરામમાં કેમ રાખવા તેની જ પરવા છે. 'તમને વર્ષોના વર્ષ સુધી ઉપજ અને ખર્ચ પર માત્ર ૧૦ ટકા નફો શા માટે મળ્યો? તે હું સુપેરે જાણું છું. ખેડૂતો તો ભારતનો આત્મા છે, અન્નદાતા છે પરંતુ કૉંગ્રેસે હંમેશા તેમની સાથે દગો રમી છે તથા કિસાનવર્ગ આગળ ખોટું બોલ્યા છે. કૉંગ્રેસે તેમનો મત બૅન્ક તરીકે ભરપૂર ઉપયોગ કર્યો છે,' એમ મોદીએ કિસાનોની એક રેલીમાં જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

નેટ ન્યુટ્રાલિટી, નવી ટેલિકોમ પોલિસીને મંજૂરી

નવી દિલ્હી: બ્લોક કરીને, સેવા નહીં આપીને અથવા ઝડપી ઇન્ટરનેટ એક્સેસ આપીને અન્ય લોકો સાથે ભેદભાવ કરનારી ઇન્ટરનેટ સેવા આપતી કંપનીઓ પર પ્રતિબંધ મૂકતા નેટ ન્યુટ્રાલિટીના નિયમોને ટેલિકોમ કમિશને મંજૂરી આપી હતી. જોકે નેટ ન્યુટ્રાલિટીની ફ્રેમ વર્કમાંથી કેટલીક સર્જરી અને સ્વયંચાલિત કાર્સને બાકાત રાખવામાં આવી છે.

ટેલિકોમ સેક્રેટરી અરુણા સુંદરરાજને જણાવ્યું હતું કે, 'ટેલિકોમ કમિશને ટ્રાઇ દ્વારા ભલામણ કરવામાં આવેલી નેટ ન્યુટ્રાલિટીને માન્યતા આપી દીધી છે. કેટલીક અતિઆવશ્યક સેવાઓને એમાંથી બાકાત રાખવામાં આવી છે.'

ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઇન્ડિયાએ સેવાપ્રદાતા કંપનીઓ દ્વારા ઇન્ટરનેટ પર આપવામાં આવતા વિષયોની માહિતીમાં ભેદભાવ કરે તેવા કરાર કરવા પર અંકુશ મૂકવાની ભલામણ કરી હતીટેલિકોમ કમિશને નવી ટેલિકોમ પોલિસી-નેશનલ ડિજિટલ કમ્યુનિકેશન્સ પૉલિસી ૨૦૧૮ને પણ મંજૂરી આપી હતી.

'બધાએ આજે મીટિંગમાં જણાવ્યું હતું કે દેશ માટે ભૌતિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર કરતા ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારે મહત્ત્વનું છે. નીતિ આયોગના સીઇઓ અમિતાભ કાંતે જણાવ્યું હતું કે દરેક જિલ્લાઓમાં ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી પૂરું પાડવામાં આવે તેની આપણે વ્યવસ્થા કરવી જોઇએ. તેથી ભારતમાં ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ અને પૉલિસીના અમલ માટે યોગ્ય વાતાવરણ હોવું જોઇએ,' એમ અરુણા સુંદરરાજને જણાવ્યું હતું. આ મીટિંગમાં ભાગ લેનાર એક અધિકારીએ જણાવ્યું હતું કે ટેલિકોમ કમિશને દરેક ગ્રામ પંચાયતમાં જરૂરિયાત મુજબ આર્થિક ભંડોળ આપી આશરે ૧૨.૫ લાખ વાઇ-ફાઇ હોટસ્પોટ ઊભા કરવા માટે ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં ૬,૦૦૦ કરોડ રૂપિયાનું ફંડીંગ કરવા મંજૂરી આપી છે. (પીટીઆઇ)■

ઉત્તરાખંડમાં વરસાદનો હાહાકાર: સાત જણનાં મોત, પુલ તૂટ્યો

દહેરાદૂનઃ ઉત્તરાખંડમાં વરસાદે હાહાકાર મચાવી દીધો છે. એક માત્ર દહેરાદૂનમાં વરસાદ સંબંધી ઘટનાઓમાં સાત જણાએ જીવ ગુમાવ્યા છે. ભારે વરસાદને લીધે કેટલાક ભાગોમાં પુલોનું ધોવાણ થયું છે અને નદીઓમાં ઘોડાપુર આવ્યા છે.શાળાઓમાં સાવચેતીના પગલાંરૂપે રજા જાહેર કરાઈ છે. હજી આગામી ત્રણ દિવસ સુધી અતિ વરસાદનું જોર રહેશે એવી આગાહી પણ છે.માર્યા ગયેલા સાત જણમાં દહેરાદૂનના સીમાદ્વાર ખાતે એક બિલ્ડિંગ તૂટી પડતાં માર્યા ગયેલા ચાર જણનો સમાવેશ થાય છે. અન્ય ત્રણ જણ દલાનવાલા, સારસપુર તથા બાલ્લીવાસમાં તણાઈ ગયા હતા.

ભેખડો ધસી પડવાની ઘટનાઓને પગલે રાજયના કેટલાક ધોરી માર્ગો પરની અવરજવર બંધ કરવી પડી છે.

ચમ્બા અને રિશિકેષને જોડતો નેશનલ હાઈવે ૯૪ ફાકોટ અને ભિન્નુ નજીક ભેખડો ધસી પડતા બંધ થઈ ગયો છે. માર્ગ પરથી કાટમાળ ખસેડીને વાહનવ્યવહાર પૂર્વવત કરવાના સઘન પ્રયાસો થઈ રહ્યા છે. (પીટીઆઇ)■



૬૬ વર્ષે નખ કાપશે...

જૈફવયના ભારતીય શ્રીધર ચીલ્લાલની આંગળીના નખ ૯ મીટર કરતાં વધારે છે અને ન્યૂ યોર્કમાં યોજાનારા એક ખાસ સમારંભમાં તે ૬૬ વર્ષે જેવા નખ કાપશે. ૮૨ વર્ષના શ્રીધરે ૧૯૫૨થી ડાબા હાથના નખ કાપ્યા નથી. લાંબા નખ માટે ગિનેસ વિક્રમપોથીમાં નામ ધરાવનાર શ્રીધર હવે લાંબા નખથી છૂટકારો મેળવવા સહમત થયા હતા.તેણે વિનંતિ કરી હતી કે મારા નખ મ્યુઝિયમમાં મૂકવામાં આવે, રીપ્લેઝ બીલીવ ઇટ ઓર નોટ મ્યુઝિયમમાં સંઘરવામાં આવે અને તેમને હકારાત્મક ઉત્તર આપવામાં આવ્યો છે.

પાકમાં પ્રથમ શીખ પોલીસને જબરજસ્તી બેઘર કરાયા

લાહોરઃ પાકિસ્તાનના પ્રથમ શીખ પોલીસ અધિકારીને જબરદસ્તી તેના પરિવાર સહિત ઘર ખાલી કરવાની ફરજ પાડવામાં આવી છે. પોલીસ અધિકારીને સરકાર સાથે મિલકત સંદર્ભે વિખવાદ હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ અધિકારી ગુલાબસિંહ શાહીને એક વીડિયો દ્વારા જણાવ્યું હતું કે મંગળવારે તેને ઈવેક્યુ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ, શીખ ગુરુદ્વારા પ્રબંધક કમિટી દ્વારા તેના લાહોરના ડેરા ચહલ નિવાસ સ્થાનેથી હાંકી કાઢવામાં આવ્યા હતા. વીડિયોમાં ગુલાબસિંહ અન્ય પોલીસને ઘરવખરીનો જરૂરી સામાન લેવા ૧૦ મિનિટ માગતા હોવાની કાકલૂદી કરતા નજરે ચડે છે. ૧૯૪૭થી ઘર પર તેમના પરિવારની માલિકી છે. તેમણે તેમની પાઘડી કાઢી વાળ ખુલ્લા કરવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. ગુલાબસિંહ ઈટીપીબીના સેક્રેટરી તારીક વઝીર પર ઘર ખાલી કરાવવા અંગે આરોપ મૂક્યો હતો.

૨૦૧૧માં ગુલાબસિંહે ગુરુદ્વારાની મિલકત ગેરકાયદે રીતે વહેચવા અંગે સૈયદ અસીફ અખ્તર વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. જ્યારે ઈટીપીબી તરફથી ગુલાબસિંહ પર જેનમ અસ્થાન ગુરુદ્વારાનો લંગર હોલ પચાવી પાડ્યાનો આક્ષેપ કર્યો હતો.

નેવી વૉર રૂમ લીક કેસમાં નિવૃત્ત કેપ્ટનને ૭ વર્ષની સખત કેદ

નવી દિલ્હી: અહીંની એક અદાલતે ૨૦૦૬ના નેવી વૉર રૂમ લીક કેસમાં નિવૃત્ત કેપ્ટન સલામસિંહ રાઠોડને ૭ વર્ષની સખત કેદની સજા ફરમાવી હતી.અદાલતે ચુકાદામાં જણાવ્યું હતું કે નિવૃત્ત કેપ્ટન સલામસિંહ રાઠોડે રાષ્ટ્રીય સલામતીની સામે ગુનો આચર્યો હોવાથી તેમને કોઇ રાહત મળવી ન જોઇએ.સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ના ખાસ ન્યાયાધીશ એસ. કે. અગરવાલે રાઠોડને જાસૂસી કરવા બદલ સત્તાવાર ગુપ્તતા ધારા હેઠળ સાત વર્ષની સખત કેદની સજા ફરમાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે રાઠોડ પાસેથી મળેલા દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયના હતા અને તે દુશ્મનોને આપવાથી તેઓને સીધી કે અપ્રત્યક્ષ રીતે લાભ થઇ શકે એમ હતો.

નેવી વૉર રૂમ લીક કેસના અન્ય આરોપી કમાંડર (નિવૃત્ત) જર્નલસિંહ કાલરાને અદાલતે છોડી દીધા હતા.

ન્યાયાધીશે જણાવ્યું હતું કે ગુનેગારે માત્ર સમાજ સામે જ નહિ, પરંતુ દેશની સલામતી સામે પણ ગુનો આચર્યો હતો. ગુનેગારની પાસેથી મળેલા દસ્તાવેજો દેશના સંરક્ષણ વિભાગના હતા અને તે મળવાથી શત્રુઓ કે અન્યને સીધી કે આડકતરી રીતે લાભ થઇ શકે એમ હતો. આ ગુનેગારને સજામાં રાહત આપવાની જરૂર નથી. સંરક્ષણ વિભાગના અધિકારી તરીકે તેની સૌપ્રથમ ફરજ દેશની એકતા, અખંડતા અને સલામતીનું ધ્યાન રાખવાની ગણાય, પરંતુ તેણે તેની વિરુદ્ધ કામગીરી બજાવી હતી. (પીટીઆઇ)

ઉન્નાવ રેપ કેસમાં ભાજપના વિધાનસભ્ય સામે આરોપનામું

લખનઊ: ચોથી જૂને ઉન્નાવમાં ભાજપના વિધાનસભ્ય કુલદીપ સેંગરે બાળા પર કરેલા કથિત રેપના કેસના સંદર્ભમાં સીબીઆઇએ સેંગર સામે આરોપનામું ઘઢી કાઢ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. સ્પેશિયલ સીબીઆઈ કોર્ટમાં ફાઇલ કરવામાં આવેલા આરોપનામામાં સેંગર અને તેના સાથી શશીસિંહ સામે ગુનાઇત કાવતરું અને બીજા ગુના, પીઓસીએસઓ એક્ટ) હેઠળના આરોપ મૂકવામાં આવ્યા હતા.

નોકરી અપાવવાની લાલચ આપીને રાજકારણીના ઘરે લઈ જવામાં આવેલી છોકરી પરના કથિત રેપની ઘટનાની તપાસ સીબીઆઈ હસ્તક સોંપવામાં આવ્યાના ત્રણ મહિના પછી આરોપનામું ઘડી કાઢવામાં આવ્યું હતું. તપાસકર્તાઓને જણાયું હતું કે શશીસિંહ છોકરીને રાતે આઠ વાગ્યે વિધાનસભ્યના ઘરે લઈ ગયો હતો. ૨૦૧૭ના ચાર જૂને તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે એ છોકરી પર ૨૦૧૭ના જૂન મહિનાની ૧૧ અને ૨૦ તારીખ વચ્ચેના દિવસો દરમિયાન જુદા જુદા શખ્સે સામુહિક બળાત્કાર કર્યો હતો. એ ઘટનાની તપાસ ચાલી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક પોલીસે ચોથી જૂનની ઘટનાની એફઆઈઆર નોંધી ન હતી. પોલીસે સામૂહિક બળાત્કારના મામલે ફરિયાદ નોંધી હતી. પોલીસ, ડૉક્ટર્સ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓની પૂછપરછ ચાલી રહી છે. (પીટીઆઇ)■

એનપીએ સમસ્યા ધ્યાનમાં લાવનાર રાજનની પ્રશંસા કરી અરવિંદ સુબ્રમણ્યમે

નવી દિલ્હી: ફારેગ થતા ચીફ ઈકોનોમિક એડવાઈઝર અરવિંદ સુબ્રમણ્યમે વધી રહેલી નોન- પર્ફોર્મિંગ એસેટ (એનપીએ)ની કટોકટીને સંભાળવા આ સમસ્યાના ઉકેલ વિશે, આશંકા વ્યક્ત કરી હતી, અલબત્ત તેમણે આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજનની આ સમસ્યાને ઓળખી કાઢીને તેને ઉકેલવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીના નેતૃત્વ હેઠળ યોજાયેલી સંસદની સમિતિની અંદાજો વિશેની બેઠકમાં ભાગ લેવા માટે સુબ્રમણ્યમ ગયા હતા. બૅંકરોના દાવા મુજબ એનપીએની સમસ્યાનો ઉકેલ એકાદ-બે વર્ષમાં આવી જશે એ વાત એમના ગળે ઊતરી ન હતી, એવું વર્તુળોએ જણાવ્યું હતું.

આ બેઠકમાં ભાગ લેવા ગયેલા એક સભ્યએ પોતાનું નામ નહીં આપવાની શરતે એવું જણાવ્યું હતું કે આર્થિક બાબતોના આ સલાહકારને એનપીએની સમસ્યાનું જે રીતે હેન્ડલિંગ થઈ રહ્યું છે એની જ શંકા છે. તેમણે એવો નિર્દેશ આપ્યો હતો કે આ સમસ્યાને ઉકેલવા ઘણું વધુ કરવાની જરૂર છે. (પીટીઆઈ)■

તાલિબાની હુમલામાં પાકના ધર્મનિરપેક્ષ નેતા સહ ૨૦નાં મોત

પેશાવરઃ પાકિસ્તાનના પેશાવર ખાતે યોજાયેલી ચૂંટણી રેલીમાં તાલિબાન સ્યૂસાઈડ બોમ્બર દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં અવામી નેશનલ પાર્ટીના બિનસાંપ્રદાયિક નેતા સહિત ૨૦ના મોત નિપજ્યા છે. ૩૦ જણ ગંભીર રીતે ઘાયલ થયા છે. એએનપી નેતા હારુન બિલોર કે જેમણે પેશાવર - પીકે-૭૮ ખાતેથી ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી. તેઓ અન્ય પાર્ટી કાર્યકરો સાથે મીટિંગ માટે ભેગા થયા હતા તે જ સમયે હુમલો કરવામાં આવ્યો હતો જેમાં તેમનું અવસાન થયું છે. બિલોર સ્વ. બશીર બિલ્લોર (એએનપી નેતા)ના પુત્ર હતા. તેમના વાહન પાસે જ હુમલો કરવામાં આવ્યો હતો. બશીર બિલ્લોરનું પણ ૨૦૧૨માં તાલિબાનના આત્મઘાતી હુમલામાં નિધન થયું હતું.પાકિસ્તાની તાલિબાન સંગઠને હુમલાની જવાબદારી સ્વીકારી છે. પાકિસ્તાન તાલિબાન સંવાદદાતા મોહમદ ખરસાણીએ એએનપી નેતા બિલ્લોરની હત્યાની યોજના સાથે હુમલો કરાયાનું જણાવ્યું હતું. ગંભીર ઈજા બાદ બિલ્લોરને હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં તેમનું અવસાન થયું હતું.

બોમ્બ વિસ્ફોટમાં ૮ કિગ્રા ટીએનટી વાપરવામાં આવ્યું હતું. રેસ્ક્યુ ટીમ તથા તપાસ અધિકારીઓ બનાવ સ્થળે પહોંચી ઘટનાનું નિરીક્ષણ કરી રહ્યા છે. પાકિસ્તાનના ચૂંટણી પંચના વડા સરદાર મહમદ રઝાએ ઘટનાને આક્રોશપૂર્વક વખોડી છે. તેમણે સલામતીમાં છીંડા હોવાનું અને મુક્ત ચૂંટણીમાં અડચણ પેદા કરવાના કાવતરાના ભાગરૂપે હુમલો થયાનું જણાવ્યું છે. ■

હત્યારાઓનું સન્માનઃ જયંત સિન્હાની માફી

નવી દિલ્હી: કેન્દ્રના પ્રધાન જયંત સિન્હાએ ટોળા-હત્યાના ગુનેગારોનું સન્માન કર્યા પછી હાર્વર્ડના ભૂતપૂર્વ વિદ્યાર્થીનો દરજ્જો પાછી ખેંચી લેવાની કરેલી યુનિવર્સિટીના એક વિદ્યાર્થીએ કરેલી અરજીને રાહુલ ગાંધીએ ટેકો આપ્યો હતો. જોકે આ મામલે સિંહાએ બુધવારે માફી માગી હતી.બોસ્ટનની હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી સિન્હાએ અનુસ્નાતક ડિગ્રી લીધી હતી ત્યાંના માસ્ટર ઑફ પબ્લિક પૉલિસીના વિદ્યાર્થીએ અરજી કરીને સિન્હાનું એલ્યુમનાઇ સ્ટેટસ ગુનેગારોનું સન્માન કરવા બદલ પાછું ખેંચી લેવાની અરજી કરી હતી.હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રમુખને કરવામાં આવેલી અરજીમાં પ્રધાનના પગલાંને સખત શબ્દોમાં વખોડી કાઢીને જણાવાયું હતું કે તેમના આ કૃત્ય થી દેશ ધ્રૂજી ગયો છે અને પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાને બટ્ટો લાગ્યો છે. એક નિર્દોષને રહેંસી નાખનારા ગુનેગારોને હાર પહેરાવીને સન્માન કરનારા ઉચ્ચ શિક્ષિત સાંસદ અને કેન્દ્રના પ્રધાન જયંત સિન્હાની તસવીરો જોઈને ઘૃણા ઉપજે છે. રાહુલે ટ્વિટર પર સિન્હા સામેની અરજીમાં સહી કરવાનું લોકોને જણાવ્યું હતું.ગયા અઠવાડિયે લિન્ચિંગ કેસના ગુનેગારો જામીન પર છૂટ્યા પછી તેમને ઝારખંડ ખાતેના નિવાસે સિન્હાએ હાર પહેરાવ્યો તે પછી વિવાદનું કેન્દ્ર બન્યા હતા. સિન્હાએ દાવો કર્યો હતો કે તેઓ હિંસાના દરેક પ્રકારને વખોડી કાઢે છે અને ગુંડાગીરી અથવા દુશ્મનાવટને વખોડે છે. ■

રાહુલની મુસ્લિમ બૌદ્ધિકો સાથેની મુલાકાતને ધર્મ સાથે ન જોડોઃ કૉંગ્રેસ

નવી દિલ્હી: રાહુલ ગાંધી બુધવારે મુસ્લિમ બૌદ્ધિકોને મળ્યા હતા, પણ એમાં ધર્મની બાબત ન હોવાનું ગાણું ગાતા કૉંગ્રેસે જણાવ્યું હતું કે એમના દરવાજા બધા વર્ગ માટે ખૂલ્લા છે.

કૉંગ્રેસના પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ જણાવ્યું હતું કે અમે કોઇને એના ધર્મને આધારે નથી જોતા. કૉંગ્રેસના નેતાઓ હંમેશ દરેક વર્ગના લોકો સાથે વાતચીત કરતા હોય છે, ખાસ કરીને બૌદ્ધિકો સાથે. અમે આ બેઠકને મુસ્લિમ બૌદ્ધિકો સાથેની મુલાકાત નથી ગણતા. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર જાવેદ અખ્તર, ઝોયા હસન અને શબનમ હાશમી જેવા મુસ્લિમ બૌદ્ધિકો અને સમાજસેવકોને આ બેઠક માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભાજપે આ મામલે કૉંગ્રેસની જાટકણી કાઢી હતી અને ભાજપના પ્રવક્તા જી.વી.એલ. નરસિંહા રાવે જણાવ્યું હતું કે કૉંગ્રેસ હંમેશ આ પ્રકારની વૉટબૅંકની રાજરમત રમતો રહ્યો છે.

પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર ચોમાસું સત્ર અને ભાજપ શાસિત ત્રણ રાજ્ય-મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં થનાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને ખાસ લોકો પાસેથી આ મામલે મુદ્દા જાણવા માટે આવી હજુ ઘણી બેઠકો યોજાશે. આવી અનેક બેઠકો ભૂતકાળમાં પણ યોજાઇ હતી અને એને ભાજપની સંપર્ક ફોર સપોર્ટ અભિયાન સાથે કશી લેવાદેવા નથી. કૉંગ્રેસ પ્રવક્તા પ્રિયંકાએ ભાજપ પર ધર્મના આધારે લોકોના ભાગલા પાડવાનો વળતો આક્ષેપ કર્યો હતો. ■